નામ.સુપ્રિમકોર્ટના નિર્દેશ અનુસાર તમાકુ નિયંત્રણ અધિનિયમ ૨૦૦૩ તથા તે હેઠળના નિયમો-૨૦૦૪ હેઠળની જોગવાઇઓના કડક અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
પરિપત્ર ક્રમાંક-પરચ-૧૦૦૪/૧૫૭૧/મ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ-૧૯/૯/૨૦૧૩

**વંચાણે લીધા-**

(૧)ભારત સરકાર ગૃહ મંત્રાલય,નવી દિલ્હીના અ.સ.પત્રનં-પી-૧૬૦૧૭/૦૫/૨૦૧૩/PH તા.૨૨/૮/૧૩
(૨)ભારત સરકારનો અધિનિયમ ક્રમાંક-૩૪/૨૦૦૩ તા.૧૯/૦૫/૨૦૦૩.

**પરિપત્ર-:**

ભારત સરકાર ગૃહ મંત્રાલયના સંદર્ભ-(૧)માં જણાવેલ અ.સ.પત્રથી તમાકુ ઉત્પાદનના વેપાર અને વેચાણ સબંધી પ્રતિબંધાત્મક જોગવાઇ કરવા અધિનિયમ હેઠળ નિયમો બહાર પાડેલ છે. આ કાયદા/નિયમો હેઠળ રાજ્યમાં તેના કડક અમલીકરણ બાબતે નામ.બોમ્બે હાઇકોર્ટની ડીવીઝન બેંચના રીટ પીટીશનનં-૮૭૬૩/૨૦૦૫માં તા.૧૯/૫/૨૦૦૫ અને તા.૨૭/૩/૨૦૦૬ના આદેશથી સ્ટે (મનાઇ હુકમ) ફરમાવવામાં આવેલ. તે સંદર્ભે સીવીલ અપીલનં-૫૯૧૩/૨૦૧૩ વીથ સીવીલ અપીલનં-૫૯૧૪-૧૫/૨૦૧૩ (એસલપીનં-૪૧૩,૪૧૪,૧૩૨૨૨,૧૧૨૨૩/૧૩)માં નામ. સુપ્રિમકોર્ટના તા.૨૨/૭/૧૩ના ચુકાદાથી સ્ટે ઓર્ડર રદ કરી કાયદાનું પાલન કરવા સૂચનો કરવામાં આવેલ છે. આ ઉપરાંત ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના વખતો વખતના ઠરાવ/પરિપત્રની જોગવાઇથી પણ સૂચનાઓ બહાર પાડેલ છે.

૨. ભારત સરકારના સંદર્ભ-૨ સામે જણાવેલ સિગારેટ તથા અન્ય તમાકુના ઉત્પાદન, (વ્યાપાર તથા વાણિજ્ય, વેચાણ, વિતરણ)ની જાહેરાત પ્રતિબંધિત અધિનિયમ-૨૦૦૩માં કેટલાક સુધારા પ્રસિધ્ધ કરેલ છે. જેમાં સિગારેટ અને અન્ય તમાકુના ઉત્પાદન, જાહેરાત/પેકિંગ ઉપર આરોગ્યલક્ષી ચેતવણી છાપવા અને ૧૮ વર્ષથી નાની ઉંમરના વ્યકતિને તમાકુના ઉત્પાદનનું વેચાણ કરવા ઉપર પ્રતિબંધ કરતા એકટની કલમ ૫ અને ૬ થી જણાવેલ છે અને આ એકટ હેઠળ સિગારેટ તથા અન્ય તમાકુના ઉત્પાદન, (વ્યાપાર તથા વાણિજ્ય, વેચાણ, વિતરણ)ની જાહેરાત પ્રતિબંધિત નિયમો, ૨૦૦૪ ઘડવામાં આવેલ છે. આ નિયમોના અમલીકરણ સામે બોમ્બે હાઇકોર્ટ દ્વારા સને ૨૦૦૫માં મનાઇ ફરમાવેલ છે. આ મનાઇ હુકમ સંદર્ભે સુપ્રિમકોર્ટ દ્વારા તા.૨૨/૭/૨૦૧૩ના ચુકાદાથી

બોમ્બે હાઇકોર્ટનો મનાઇ હુકમ રદ કરી અધિનિયમ-૨૦૦૩ હેઠળ બનાવેલ નિયમો-૨૦૦૪ના નિયમ ૪,૫ અને ૬ના અમલીકરણ બાબતે આરોગ્ય વિભાગ, ગૃહ વિભાગ અને શહેરી વિકાસ વિભાગ હસ્તકના સબંધિત અધિકારીઓને તથા નિયમ, ૭, ૮, ૯ અને ૧૦ના અમલીકરણ બાબતે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓને જરૂરી સૂચનાઓ આપી રાજ્યમાં તેનો કડક અમલ કરવા જણાવેલ છે.

૩. આમ નામ.સુપ્રિમ કોર્ટના ઉપર્યુકત નિર્દેશ સંદર્ભે સમગ્ર ગુજરાત રાજ્યમાં સિગારેટ તથા અન્ય તમાકુના ઉત્પાદન,(વ્યાપાર તથા વાણિજ્ય, વેચાણ, વિતરણ)ની જાહેરાત પ્રતિબંધિત અધિનિયમ-૨૦૦૩ની જોગવાઇઓ તથા સિગારેટ તથા અન્ય તમાકુના ઉત્પાદન,( વ્યાપાર તથા વાણિજ્ય, વેચાણ, વિતરણ)ની જાહેરાત પ્રતિબંધિત નિયમો,૨૦૦૪ની જોગવાઇઓ મુજબ કડક અમલ કરવામાં આવે અને આ બાબત ધ્યાને લઇને તમાકુ નિયંત્રણ અધિનિયમના અમલીકરણ સંદર્ભે પોલીસ તંત્રએ જે કામગીરી કરવાની થતી હોય તે અસરકારક રીતે અદા કરવામાં આવે તે જોવા સર્વે પોલીસ સત્તાવાળાઓને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એન.કે. મકવાણા)
ઉપ સચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,

-મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય ગાંધીનગર.

-અધિક મુખ્ય સચિવશ્રી,(ગૃહ )ના અંગત સચિવશ્રી ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

-સચિવશ્રી(ગૃહ)ના અંગત મદદનીશશ્રી,ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

-એડીશનલ ડાયરેકટરશ્રી આરોગ્ય,તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ(H.S.),ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

-પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુજરાત રાજ્ય ,પોલીસ ભવન,ગાંધીનગર.

-મુખ્ય તકેદારી આયુકતશ્રી, ગાંધીનગર.

-અધિક પોલીસ મહાનિદેશકશ્રી,સી.આઇ.ડી(ક્રાઇમ અને રેલ્વેઝ) ગાંધીનગર.

-અધિક પોલીસ મહાનિદેશકશ્રી,સી.આઇ.ડી (ઇન્ટે.)ગાંધીનગર.

-અધિક પોલીસ મહાનિદેશકશ્રી,હથિયારી એકમો, ગાંધીનગર.

- અધિક પોલીસ મહાનિદેશકશ્રી,તાલીમ, ગાંધીનગર.

- અધિક પોલીસ મહાનિદેશકશ્રી,એસ.સી.આર.બી. ગાંધીનગર.

- અધિક પોલીસ મહાનિદેશકશ્રી,સી.આઇ.ડી(ક્રાઇમ અને રેલ્વેઝ) ગાંધીનગર.

- પોલીસ મહાનિરીક્ષકશ્રી,એ.ટી.એસ. ગાંધીનગર.

-સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, .

-તમામ પોલીસ કમિશ્નરશ્રી,

-તમામ પોલીસ અધિક્ષકશ્રી.

-મેનેજીંગ ડીરેકટરશ્રી ગુજરાત પોલીસ આવાસ નિગમ,લિ.ગાંધીનગર.

-નિયામકશ્રી લાંચરૂશ્વત વિરોધી બ્યુરો, અમદાવાદ.

-અધિક પોલીસ મહાનિદેશકશ્રી અને જેલોના ઇન્સપેકટર જનરલશ્રી અમદાવાદ.

-અધિક પોલીસ મહાનિદેશકશ્રી અને કમિશ્નરશ્રી નશાબંધી અને આબકારી અમદાવાદ.

-નિયામકશ્રી ,ન્યાય સહાયક વિજ્ઞાનની કચેરી ગાંધીનગર.

-નિયામકશ્રી સૈનિક કલ્યાણ અને પુન:વસવાટની કચેરી ગાંધીનગર.

-સેકશન અધિકારીશ્રી, ક-શાખા ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

-સિલેકટ ફાઇલ-મ શાખા ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર

-સિસ્ટમ મેનેજરશ્રી, IT cell ગૃહ વિભાગ, તરફ વિભાગની વેબસાઈટ ઉપર મુકવા માટે.